INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ००६.
ફોન : (०७९) २६५७८२१२, २६५७८२१३ ફેક્સ : (०७९) २६५७९५८९
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

૦૫-૦૬-૨૦૨૫

અખબારી યાદી

**ગામડાઓમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવા લોકપ્રતિનિધિઓને ઉમેદવારીથી દૂર રાખવાનું ષડયંત્ર : હેમાંગ રાવલ**

**ચૂંટણી કાયદા મુજબ ઉમેદવારે માત્ર સેલ્ફ ડેકલેરેશન કરવું જરૂરી પરંતુ અધિકારીઓ દ્વારા વિવિધ પ્રકારના ડોક્યુમેન્ટ અને દાખલાઓ માંગવામાં આવી રહ્યા છે : હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મિડીયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી ૪૦૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ કરવામાં આવી ન હતી અને તેઓને લોક પ્રતિનિધિથી મુક્ત રાખવામાં આવ્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહજી ગોહિલ અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા દ્વારા ઉગ્ર રજૂઆતો કરાતા ચૂંટણી પંચ દ્વારા ૮૩૨૬ ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસે ભાજપ સરકારના મંત્રી અને તેમના મળતીયાઓના સમગ્ર ગુજરાતમાં ગામડાઓમાં મનરેગાના કરોડો રૂપિયાના કૌભાંડ ઉજાગર કર્યા હતા. ગામડાની સત્તા એ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કરવા માટે ચાવીરૂપ હોવાથી ગામડાની જનતાને પોતાનું અસલ પ્રતિનિધિત્વ ના મળી રહે તેવા વિવિધ પ્રયત્નો થઈ રહ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા જે ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે તેની સાથે સરપંચના ઉમેદવાર કે ગ્રામ પંચાયતના ઉમેદવારને ગેરકાયદેસર રીતે, કાયદામાં અને બંધારણમાં જોગવાઈ ન હોવા છતાં વિવિધ ડોક્યુમેન્ટ અને વિવિધ દાખલાઓ માગવામાં આવી રહ્યા છે. જેથી કરીને તેઓ ઉમેદવારોથી વંચિત રહે.

| ચૂંટણી અધિકારી દ્વારા માગવામાં આવતા ડોક્યુમેન્ટ | નિયમ મુજબ જરૂરિયાત |
|---|---|
| ઉમેદવારના જન્મનો દાખલો અથવા સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ | કાયદા મુજબ ઉમેદવાર ૧૮ વર્ષથી મોટી ઉંમરના હોવા જોઈએ અને તેઓ ભારતના મતદાર હોવા જોઈએ. તેઓ પોતાનું ચૂંટણી કાર્ડ અને આધારકાર્ડ રજૂ કરી રહ્યા છે માટે જન્મતારીખ માટે બીજો કોઈ દાખલો માંગી શકાય નહીં |
| આવકનો દાખલો | ચૂંટણી પંચના નિયમ મુજબ કોઈપણ પ્રકારના આવકના દાખલાની જરૂર નથી. |
| રેશનકાર્ડની કોપી | કોઈપણ નિયમમાં રેશનકાર્ડની કોપી માંગવાની જોગવાઈ નથી |
| ઉમેદવારના બાળકોના જન્મનું પ્રમાણપત્રની નકલ | હકીકતમાં પોતાને બે બાળકોથી વધારે નથી તેવું સેલ્ફ ડેક્લેરેશન આપવું જરૂરી છે. જો કોઈ ઉમેદવાર વિરુદ્ધમાં રજૂઆત આવે તો જ સક્ષમ અધિકારી દ્વારા તપાસ કરવી અને પ્રમાણપત્ર માગી શકાશે. |

INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

| | |
|---|---|
| ઉમેદવારની છેલ્લું ભણેલાની માર્કશીટની કોપી અથવા લિવિંગ સર્ટિફિકેટ | નિયમ મુજબ આવા કોઈ સર્ટિફિકેટ રજુ કરવાના હોતા નથી, બંધારણ મુજબ અભણ ઉમેદવાર પણ ઉમેદવારી નોંધાવી શકે. |
| કોઈ કેસ નથી તેનો દાખલો (પોલીસ વેરિફિકેશન) | હાઇકોર્ટ દ્વારા સ્પષ્ટ ચુકાદો આપવામાં આવ્યો છે કે આવો કોઈ દાખલો માંગી શકાય નહીં ફક્ત સેલ્ફ ડેકલેરેશન જરૂરી છે |
| કોઈ વેરો બાકી નથી તેવું તલાટી નું પ્રમાણપત્ર | માત્ર વેરાની પહોંચ મૂકી શકાય, અને જો વેરો બાકી હોય તો ચૂંટણી અધિકારીની જવાબદારીમાં ઉમેદવારને નોટિસ આપી વેરો ભરાવાની તજવીજ કરવાની હોય છે. |
| ઉમેદવારના ઘરમાં શૌચાલયની સુવિધા છે તેવું તલાટીનું પ્રમાણપત્ર | આવા કોઈ પ્રમાણપત્રની જોગવાઈ નથી માત્ર ઉમેદવારે સ્વયં એકરારનામુ આપવાનું હોય છે. |

આમ જે પ્રમાણે ચૂંટણી પંચ દ્વારા ફોર્મની સાથે જે બીડાણની નકલો માગવામાં આવેલી રહી છે તે સંપૂર્ણ રીતે ગેરકાયદેસર અને બંધારણની વિરુદ્ધની છે.

એક તરફ  વધુ ને વધુ ગામડાઓને સામ દામ દંડ ભેદ અપનાવીને સમરસ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે અને બીજી તરફ સાચા લોક પ્રતિનિધિઓ ચૂંટણી લડવા માંગે છે તો તેમની પાસે વિવિધ પ્રકારના દાખલાઓ અને ડોક્યુમેન્ટ માગીને નિયમ વિરુદ્ધ હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. કેટલીક જગ્યાએ આવા દાખલા અને ડોક્યુમેન્ટ ન હોય તો તેમના ફોર્મ પણ સ્વીકારવામાં આવતા નથી તેવી પણ ફરિયાદો મળેલ છે. ગામડાઓની અંદર કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવા માટે થઈને આ એક પ્રકારનો વ્યવસ્થિતપૂર્વકનો કારસો રચાયો હોય તેવું લાગી રહ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ચૂંટણી પંચ પાસે ન્યાયિક માંગ કરે છે કે તેમના જવાબદાર ચૂંટણી અધિકારીઓને ઉપરોક્ત બાબતનો દિશાનિર્દેશ આપવામાં આવે કે ઉમેદવાર પાસે કોઈપણ પ્રકારના કાયદા વિરુદ્ધના ડોક્યુમેન્ટ કે દાખલાઓની માંગણી કરવી જોઈએ નહીં અને કાયદા મુજબ લોકશાહીને મજબૂત કરવા ભારતના ૧૮ વર્ષથી ઉપરના દરેક નાગરિક કે જેઓ ઉમેદવારી કરવા ઈચ્છે છે તેમના ફોર્મ સ્વીકારવા માટે કટિબદ્ધતા દાખવવી જરૂરી છે.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
૯૮૯૮૨૩૩૦૩૮

બિડાણ :

- ચૂંટણી પંચના નિયમો અને વિવિધ પરિપત્રો તથા હાઇકોર્ટના ચુકાદા.
- ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ ચેક લિસ્ટ.
- જરૂરી દાખલાઓના અભાવે ઉમેદવારનું ફોર્મ સ્વીકારતું નથી. ( શ્રી બળવંતભાઈ તોમરનો વીડિયો)